# દીકરીને એનું આકાશ ખોળવા દીધું

**–અવન્તીકા ગુણવન્ત**

માલવીકાને એક દીકરો અને એક દીકરી. દીકરો પાતંજલ મોટો અને દીકરી ઉપાસના નાની. બન્ને સગાં ભાઈ–બહેન, બેઉ એક સરખાં સ્નેહ અને કાળજીભર્યા વાતાવરણમાં ઉછરે; પણ બેઉના સ્વભાવમાં જબરો તફાવત. પાતંજલ પ્રકૃતીએ સૌમ્ય, અન્તર્મુખ અને લાગણીશીલ. ઉપાસનાનું મન ધાર્યું કરનાર અને પોતાનામાં મસ્ત રહેનાર. બીજાનું ખાસ કશું સાંભળે નહીં.

પાતંજલ મમ્મી–પપ્પાનું કહ્યું સાંભળે. ઉપાસનાથી એ બે વરસ જ મોટો હતો; છતાં પણ મોટપણ જાળવે, ઉપાસના સાથે કદી વાદ ન કરે. ઉપાસના એની પાસે જે માગે તે તરત આપે. ઉપાસના દોડાદોડ કરવામાં એની ઉમ્મરનાં બાળકોને પાછાં પાડી દે. પડવાની કે વાગવાની એને બીક જ ના લાગે. આખો દીવસ એ રમ્યા જ કરતી. એનો થનગનાટ કદી ઘટે નહીં.

હવે જ્યારે ઉપાસનાને નીશાળે બેસાડવાનો સમય થયો ત્યારે એણે ચોખ્ખે–ચોખ્ખું કહી દીધું, ‘હું નીશાળે નથી જવાની.’ માલવીકાએ એને જુદીજુદી રીતે સમજાવી; પણ એ તો ના જ પાડતી રહી. પાતંજલને નીશાળે જતો જોઈનેય એને નીશાળે જવાનું મન ન થતું. એ તો ભારપુર્વક એક જ વાક્ય બોલે, ‘મારે નથી ભણવું.’

મનનું ધાર્યું કરનાર આ દીકરીને જોઈને માલવીકા તથા એમના પતી નીરજને ચીન્તા પેઠી કે દીકરીને ભણવામાં રસ પડે માટે શું કરવું ? એ નીશાળે જાય તો એને બીજાંઓ સાથે હળતાં–મળતાં આવડે. તેઓ તેને પુછતાં, ‘તું નીશાળે નહીં જાય તો ઘરે બેસીને શું કરીશ ?’

‘રમીશ’ મોજથી ઉપાસના ઉત્તર આપતી.

‘નીશાળમાંયે રમાડે છે. ત્યાં તો બહુ જણ તારી સાથે રમનારાં મળશે.’

‘પણ મને તો ઘરે એકલા રમવાનું ગમે છે.’ ફટ દઈને ઉપાસના બોલતી.

માલવીકા અને નીરજ બાળકને ડરાવવા કે ધમકાવવામાં માનતાં નહીં. તેઓ દૃઢપણે માનતાં હતાં કે બાળકમાં સમજશક્તી હોય છે. માબાપે ધીરજ, સ્નેહ અને સમતાપુર્વક બાળકને સમજવું જોઈએ અને પછી તેને રસ પડે તે રીતે તેને સમજાવવું જોઈએ. અને આમ, તેને સારા–ખોટાનું ભાન કરાવવું જોઈએ.

માલવીકા ઉપાસનાને રસ પડે તેવાં ગીતો અને જોડકણાં ગાતી. એને હતું ઉપાસના એની સાથે ગાવા માંડશે; પણ ઉપાસના ગાતી નહી. ઉલટું કહે કે, ‘આમ કરીને તું મને ભણાવે છે; પણ હું નથી ભણવાની.’

ઉપાસનાના દેખતાં માલવીકા પાતંજલને ભણાવે. માલવીકાને હતું કે વાદે વાદે એય ભણશે; પણ ઉપાસના ભણે જ નહીં. એક વાર પાતંજલના હાથમાંથી એણે પેન્સીલ લઈ લીધી.

માલવીકા ખુબ ઉત્સુકતાપુર્વક જોયા કરે કે હમણાં ઉપાસના કંઈક લખશે; પણ ઉપાસનાએ તો અક્ષર કે આંકડાને બદલે એક ગોળ દોર્યું. દીકરીને પ્રોત્સાહન આપવા માલવીકા બોલી, ' વાહ ! અદ્દલ ચાંદામામા દોર્યા !'

'ચાંદામામા નથી દોર્યા; મેં તો રોટલી દોરી છે. તું બનાવે છે એવી રોટલી.' ઉપાસનાની વાત તો સાચી હતી. રોટલીયે ચાંદામામા જેવી ગોળ જ હોય છે ને ! એટલે માલવીકા બોલી, 'વાહ ભઈ, વાહ ! ગોળ ગોળ રોટલી દોરી મારી દીકરીએ.' તરત ઉપાસના બોલી, 'મેં તો પુરી દોરી છે.' ઉપાસના જે રીતે બોલી તે પરથી માલવીકાને ખ્યાલ આવ્યો કે આપણે કંઈ બોલીએ એનાથી ઉંધું જ ઉપાસના બોલે છે. દીકરી આવું કેમ કરે છે એવો પ્રશ્ન તો થયો જ; પણ માલવીકાએ એને ટોકી નહીં. ટોકવાને લીધે એ કદાચ પોતાની રીતને વધારે વળગી રહે; એના સ્વભાવ પર ખોટી અસર પડે. એવું તો થવા ન દેવાય.

એક દીવસ ઉપાસનાએ માણસ દોર્યો અને બોલી, 'પપ્પા'. માલવીકાએ એને કહ્યું કે, 'પપ્પા' એવું લખને નીચે તો જોનારને ખબર પડે કે ઉપાસનાના આ પપ્પા છે; પણ કહ્યું સાંભળે તો એ ઉપાસના શાની ? દીકરીની જીદ અને અભીમાન જોઈ માલવીકા પામી ગઈ કે દીકરીને કેળવવાનો પંથ લાંબો છે. ખુબ ધીરજ અને ખંત રાખી અઢળક પ્રેમથી એને થાબડવી પડશે.

કેટલીક વાર માલવીકા છાપાં અને સામયીકોનો ઢગલો કરી કહેતી, 'ચાલ, આપણે આમાંથી મોટા મોટા અક્ષરે છપાયેલા ઉપાસનાના 'ઉ' શોધી કાઢીએ. એને એ ગમ્યું. ત્યાં એકબે 'ઉ' શોધીને કહે, 'બધા એક જ જાતનો 'ઉ' કેમ લખે છે ?' આવું કહીને એણે કાગળમાં બીજી જ જાતનો મરોડ ચીતરીને કહ્યું, 'આ 'ઉ' છે.' માલવીકાએ કહ્યું, 'આને 'ઉ' ન કહેવાય.' 'કેમ ન કહેવાય ?' તેણે મીજાજથી પુછ્યું. બીજા કહે તેમ નહીં જ કરવાનું, એ જાણે ઉપાસનાનો સ્વભાવ હતો. એણે કહ્યું, 'આવી જ રીતે 'ઉ' લખાય એવું કોણે કહ્યું ?' ઉપાસનાના પ્રશ્નનો શો જવાબ અપાય ! માલવીકા બોલી, 'બેટા, એ તો બધું મોટા મોટા પંડીતો નક્કી કરે. તેઓ નક્કી કરે તે પ્રમાણે આપણે કરવાનું !' ઉપાસનાના ગળે એની મમ્મીની વાત ઉતરી નથી એ એના મોં પરથી દેખાઈ આવતું હતું. એ કંઈ આગળ બોલી નહીં.

તે દીવસે માલવીકાએ પણ એ વાત વધારી નહીં. એ જાણતી હતી કે ઉપાસના જોડે ખુબ ધીરજ રાખી શાન્ત મને કામ લેવું પડશે. ભલે એ હઠાગ્રહી છે; પણ અંદરથી એ સમ્વેદનશીલ અને કોમળ છે. પોતે જો કડકાઈથી કામ લે તો ઉપાસનાનું મન ઘવાય અને કોઈ વીરુપતા ઉદ્ભવે તો એનું મન કુંઠીત થઈ જાય અને એ કોઈ ગ્રંથીનો ભોગ થઈ પડે. દીકરી જો એની સાહજીકતા અને શક્તી ગુમાવી બેસે તો એની સર્જનાત્મકતા ગુંગળાઈ જાય, એનો વીકાસ રુંધાઈ જાય. આવું થાય તો માને હાથે જ મોટો અપરાધ થઈ જાય.

કુદરતે પ્રસન્ન થઈને દીકરીરુપી અણમોલ વરદાન દીધું છે તે વેડફાઈ જાય. માલવીકા પોતે ચીન્તનશીલ અને જવાબદાર મા છે. એ વીચારે છે, વીકાસના નામ પર અમે અમારી

રીતે નક્કી કરેલા ચોકઠામાં દીકરીને બળજબરીથી બેસાડી શકીએ ? ના. દીકરીને અમારી આકાંક્ષાઓ અને સ્વપ્ના મુજબ અમારે નથી કેળવવાની. એને એની રીતે જ વીકસવા દેવાની છે. અમારે એને સાંભળવાની છે, સમજવાની છે અને સહયોગ આપવાનો છે. કુદરતના શુભમંગલ અનુષ્ઠાનમાં  શ્રદ્ધા રાખીને માબાપ તરીકેનું કર્તવ્ય બજાવવાનું છે; તો જ દીકરીનો સર્વાંગી વીકાસ થાય.

એક વાર નીરજ બાગનાં પ્લાસ્ટીકનાં કુંડાંના રંગકામ માટે સાધનો લાવ્યો. ઉપાસનાને બાગકામ કરવું ગમતું. તે ખુશ થઈ ગઈ. ‘જો, આ સાધનો તો ભગતસાહેબે મોકલ્યાં છે’ નીરજે કહ્યું. ‘કોણ ભગતસાહેબ ? મને ઓળખે છે ?’ ઉપાસનાએ પુછ્યું. ‘હા, તને ઓળખે છે.’ નીરજે ઉપાસનાના મનમાં નીશાળ પ્રત્યે રસ જાગ્રત કરવાની તક ઝડપી લીધી. ભગતસાહેબે એમના ઘરમાં જ નીશાળ ખોલી હતી. તેઓ અને તેમનાં પત્ની આદર્શ કેળવણીકાર હતાં. નીરજે જ તેમને ઉપાસનાનો આખો કીસ્સો કહેલો. અને તેમની સુચનાથી જ નીરજે આમ, ઉપાસનામાં રસ અને આકર્ષણ જગાડવા પ્રયાસ કર્યો.

બીજા દીવસે માલવીકા ઉપાસનાને લઈને ભગતસાહેબની નીશાળમાં ગઈ. ભગતસાહેબ અને દેવીબહેન બાળમાનસના જાણકાર. તેમણે ઉપાસનાને નીશાળ નહીં; પણ ઘર જ લાગે તે રીતે તેને પ્રેમથી આવકારી. ઉપાસનાને આ નીશાળ–ઘર કે ઘર–નીશાળ ગમી ગઈ. એનામાં તીવ્ર બુદ્ધી, ગ્રણશક્તી, સમજશક્તી અને યાદશક્તી તો હતાં જ. એ સડસડાટ ભણવા માંડી. દસમાં ધોરણમાં એ પ્રથમ વર્ગમાં પાસ થઈ. માબાપના આનંદનો પાર નહીં. તેમણે વીચાર્યું કે પાતંજલની જેમ ઉપાસનાયે કૉલેજમાં ભણશે. પણ તે તો કહે, ‘હું તો ફાઈન આર્ટ્સ કૉલેજમાં ભણીશ.’ માલવીકા અને નીરજને હતું કે દીકરી એકેડેમીક લાઈનમાં ભણે અને ડીગ્રી લે. કારણ કે આપણા સમાજમાં ડીગ્રીનું હજી માન છે. પણ ઉપાસના તો મનનું ધાર્યું જ કરનાર ! એ તો ચીત્રકલાને સમર્પીત થઈ ચુકેલી. રંગ, પીંછી અને કાગળ એનાં સાથી બની ગયાં.

હવે તો એના લગ્નની ઉમ્મર થવા આવી. મુરતીયાની તપાસ આરંભાઈ. ઉપાસના તરત બોલી ઉઠી, ‘મારા માટે અહીંનો છોકરો જોશો નહીં, હું તો પરણીને પરદેશ જઈશ.’ માબાપ તો ગભરાયાં ! માલવીકાએ કહ્યું, ‘બેટા, જીવનસાથીની પાત્રતા જોવાય; સ્થળ કે દેશ નહીં.’ ‘મમ્મી મારે વીદેશ વસવું છે. એટલે મારે માટે છોકરો પરદેશનો સીટીઝન હોય એ તેની સૌથી પહેલી યોગ્યતા,’ જરાય હીચકીચાટ વીના ઉપાસના બોલી.

માલવીકા અને નીરજે વીચાર્યું, ઉપાસના મન ફાવે તેવા નીર્ણયો લે એની સાથે સમ્મત કેવી રીતે થવું અને તેય ક્યાં સુધી થવું ? જીવનના અગત્યનાં નીર્ણયો લેવાની આ સાચી રીત છે ? એમ લાગણીથી દોરવાઈને જીવનના નીર્ણયો લેવાય ? અભ્યાસ અંગે એણે જે નીર્ણય લીધો તે લેવા દીધો; પણ લગ્ન જેવી બાબતે એના તરંગ પ્રમાણે ચાલવાનું ? ‘બેટા, તારા નસીબમાં વીદેશ સ્થાયી થવાનું હશે તો તું જઈશ; પણ તું કહે છે તે રીતે વીદેશી સીટીઝન ન

જોવાય. એમાં તો ક્યાંક પસ્તાવાનો દીવસ આવે. આપણે આપણા જાણીતા વર્તુળમાંથી પસંદગી કરીશું,' અત્યંત પ્રેમથી સમજાવટના સુરમાં માલવીકાએ કહ્યું. ઉપાસના બોલી, 'મમ્મી, તું શું કામ ગભરાય છે ? હું કોઈ હાલી–મવાલીને મારા જીવનમાં નહીં પ્રવેશવા દઉં. મને લગ્નની કોઈ ઉતાવળ નથી. હું પ્રતીક્ષા કરવા તૈયાર છું.'

દીકરીની વાત સાંભળીને માબાપને શાન્તી થઈ. પ્રતીક્ષાનો ગાળો લામ્બો રહ્યો. માબાપના જીવ અધ્ધર થઈ ગયા; પણ ઉપાસના ધીરજથી રાહ જોતી હતી. એને એના પોતાના નસીબમાં પુરો વીશ્વાસ હતો. લગ્ન કરવાની એને ઉતાવળ ન હતી.

છેવટે પરદેશથી આવેલા યુવક, સીવીલ ઈજનેર તરલ સાથે વાત બંધ બેઠી. ઉપાસના તરલ સાથે લગ્ન કરીને અમેરીકા વસવા પહોંચી. ત્યાં એ યુમેસ યુનીવર્સીટીમાં કમ્પ્યુટર ગ્રાફીક્સ ભણી અને અત્યારે એક કંપનીમાં ઉંચા પદ પર જૉબ કરે છે, ડૉલર કમાય છે અને સાથે સાથે પ્રતીષ્ઠા પણ કમાય છે.

ઉપાસના એનાં માબાપ, ભાઈ અને બીજા સ્નેહીજનો માટે અવનવી મોંઘીદાટ ભેટો મોકલે છે. માબાપ કહે છે, 'દીકરી, તું અમારે માટે આટલો બધો ખર્ચ ન કર.' તો ઉપાસના કહે છે, 'મમ્મી–પપ્પા, તમને અવનવી ચીજ–વસ્તુઓ મોકલતાં મને એટલો બધો આનંદ થાય છે એની તમને કલ્પનાય નહીં આવે. તમારાં જેવાં વહાલસોયાં, વન્ડરફુલ માબાપ બધાંને નથી મળતાં. તમે મારી નાનામાં નાની લાગણીનોયે ખ્યાલ રાખ્યો છે, કદી મને ટોકી નથી, દુભવી નથી. મારી સ્વતંત્રતા પર કાપ મુક્યો નથી. મમ્મી, અત્યારે મારા નાનપણના એ દીવસો યાદ આવે છે ને હું તાજ્જુબ થઈ જાઉં છું કે તમે મારામાં વીશ્વાસ મુકીને કેટલી ધીરજ અને સમતા દાખવતાં હતાં ! હું રાજકુમારીની જેમ ઉછરી છું, તેથી જ તો સફળ થઈ છું !'

ઉપાસનાની સફળતા જોઈ એનાં સગાં અને પરીચીતો વીચારતાં થઈ ગયાં કે દીકરીનો ઉછેર, કેળવણી અને લગ્ન બાબતે ચાલુ ચીલે એનાં માબાપ જરાયે દોરવાયાં નહીં અને દીકરીને એનો ચીલો એની રીતે ચાતરવા દીધો. તેથી દીકરીની બધી શક્તીઓ ખીલી ઉઠી, જીન્દગીને એ એની ધારણા પ્રમાણસર રુપરંગ આપી શકી. હા, આ સમગ્ર પ્રક્રીયામાં માલવીકા અને નીરજ માટે એ બધાં વરસો કસોટીરુપ હતાં; દ્વીધા અને ચીન્તાનાં હતાં. પણ અત્યારે તેમની દીકરી માટે તેમને કેટલું ગૌરવ છે. પ્રેમાળ માબાપનું, માબાપ બનવું સાર્થક થઈ ગયું.

–અવન્તીકા ગુણવન્ત

ફેબ્રુઆરી 2010 'અખંડ આનન્દ'ના પાન 87 પરથી લેખીકાના અને તંત્રીશ્રીના સૌજન્યથી સાભાર..

(અવન્તીકાબહેનને મેં ફોન કરી પુછ્યું કે, "બહેન, આ કથા તો કાલ્પનીક જ છે ને ?" જવાબ ન મળ્યો. મને કહે, 'લખીશ.' આજે (નવેમ્બર 8, 2010ના દીને) એમનો પત્ર મળ્યો.. વાચકો માટે તે અહીં આખેઆખો ઉતારું છું.. તેઓ લખે છે:–

*'આદરણીય શ્રી ઉત્તમભાઈ અને મધુબહેન, નમસ્કાર.. આપે મારા 'દીકરીને એનું આકાશ ખોળવા દીધું...' લખાણ વીશે પુછ્યું હતું. એમાં જરાયે કલ્પના નથી. એ આખીયે વાત મારી અને મારી દીકરી પ્રશસ્તીની છે. 1964માં જન્મેલી પ્રશસ્તીને હું લાડમાં 'તેજકુંવર' (મારી કથાનું એક તેજસ્વી પાત્ર) કહેતી. મારા બાપુજી એને ક્યારેક 'ચર્ચીલ' (શરીરે ગોળમટોળ અને કદી નમતું ન જોખે તેથી)કહેતા. વળી ક્યારેક 'વેઢો' કહે. આંગળી વળે; વેઢો ન વળે. હતી જીદ્દી; પણ તીવ્ર બુદ્ધીમતી અને હાજરજવાબી. એની 'મા' બનવું એક ચેલેન્જ હતી મારે માટે તો. સારું હતું કે એ વખતે હું 'રસરંજન' બાળસાપ્તાહીક અને 'બાલભારતી પ્રકાશન'નાં ૧થી ૩ ધોરણનાં બાળકો માટેનાં દરેક વીષયનાં પુસ્તકો લખતી. એટલે કે ચોવીસે કલાક બાળકો જ મારા મનમાં પરોક્ષ રીતે રમતાં હોય અને પ્રત્યક્ષ હોય પ્રશસ્તી ! – એને સમજીને, એને પ્રસન્ન રાખતાં રહીને, એને ધીરજથી કેળવવી ખુબ ઈન્ટરેસ્ટીંગ કામ હતું. એના મનમાં આવે એમ એને કરવા દીધું છે.*

*એ એપ્લાઈડ આર્ટ્સમાં ડીપ્લોમા કરી, લગ્ન પછી અમેરીકા ગઈ. ત્યાં કમ્પ્યુટર ગ્રાફીક્સ કર્યું. અત્યારે ત્યાં તે એના રસની જ જૉબ કરે છે અને એની કંપનીમાં માનવંતું સ્થાન ધરાવે છે. પ્રશસ્તીના ઉછેરની સાથે સાથે મારોયે વીકાસ સધાયો. બાળકને સમજવું એ જ કેળવણીનું હાર્દ. સર્વાંગી વીકાસ તો પ્રેમ : ભરપુર પ્રેમ અને બીનશરતી પ્રેમથી જ થાય એ સત્ય લાધ્યું. પ્રશસ્તી મારે માટે વરદાન છે. મારો દીકરો મરાલ અંતર્મુખી; પ્રશસ્તી ડીમાન્ડીંગ અને કમાન્ડીંગ બન્ને. એને જેમ ખીલવું હતું, તેમ મેં તેને ખીલવા દીધી. આજે તે કંઈક બની શકી એનો પુર્ણ સંતોષ છે.. ઉત્તમભાઈ, તમે જીજ્ઞાસાવશ પુછ્યું ને મેં આ લખ્યું..આભાર.. – અવન્તીકા ગુણવંત')*

લેખીકા-સમ્પર્ક - અવન્તીકા ગુણવન્ત,
'શાશ્વત' - કે. એમ. જૈન ઉપાશ્રય સામે, ઓપેરા સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ-380 007
ફોન - (079) 2661 2505 ઈ-મેઈલ - avantika.gunvant@yahoo.com

લેખીકાની તસ્વીર, એમનો પરીચય અને એમની બીજી ત્રણ જીવન્ત વાર્તાઓ વાંચવા નીચેની લીંક ક્લીક કરી, પીડીએફ ખોલી વાંચવા અને ગમી જાય તો ડાઉનલોડ કરવા વીનંતી..

**http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM**

095. AapNaa JivanMulyo..-Avantika Gunvant-'SeM'- 2007-04-01
142. Maataa-Kunvaari Ke ParNeli-Avantika Gunvant-'SeM'- 2008-02-24
201.Betaa, Taare uDvaa nu Chhe-Avantika Gunvant-'SeM'-2010-09-26

**'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ સાતમું - અંકઃ** 227 – September 25, 2011
**'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

## Have You Played Quick Quiz Yet? No ? Try It Today !!

http://www.gujaratilexicon.com/index.php?action=quiz

Quick Quiz Is Extremely Educative, Vocabulary Enriching & Thoroughly Enjoyable ! It Is Addictive & Its Impact Is Far-Reaching. Make New "Word" Friends. Enjoy The Quick Quiz & Relieve Those Childhood Educative & Exciting Games !

Quick Quiz Is Refreshed Every Friday With New Quiz….You Can Also Play The Earlier Quiz & Check The Results Instantly…

Experience It Yourself & Share Your Comments & Feedback With Us !

### વાંચ્યું ને ?

ભારે આનંદદાયક, શબ્દજ્ઞાન વર્ધક અને આપણા બચપણની હરકતોની યાદ અપાવનાર, માત્ર પાંચ શબ્દોની અમારી 'ક્વિક ક્વિઝ' તમે જોઈ ? દર શુક્રવારે ત્યાં નવી ક્વિઝ મુકાય છે.

લો, આ એક નમૂનો. તમે અચૂક અજમાવી જુઓ..આજે જ..
http://www.gujaratilexicon.com/index.php?action=quiz

એવી જ બીજી ત્રણસો જેટલી ક્વિઝ ત્યાં મુકાયેલી છે.. તરત જ ચકાસણી ને તરત જ પરિણામ ! ભારે રોમાંચક રમત !.. અજમાવો ને અભિપ્રાય–સૂચનો મોકલજો..

Email IDs : Maitri Shah - maitri@arniontechnologies.com
And Shruti Amin - shruti@arniontechnologies.com

@

**More than 97,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 8,90,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 1,70,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

@@@

'સન્ડે ઈ-મહેફીલ' – વર્ષ: સાતમું – અંક: 227 – September 25, 2011

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@